ગાંધીનગર સમાચાર
તા. ૨-૧૧-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

અકળ મુખ્યમંત્રીનું મંત્રીમંડળ વિસ્તરણ

નરેન્દ્ર મોદી માટે જે એક ઓળખ કાયમ બની છે તે છે એમના 'અકળ' હોવાની. જૂના જમાનાની એક પ્રભુપ્રાર્થનાની પંક્તિઓ યાદ આવી જાય છે:

પરેશા, વિશ્વેશા, અકળિત તહારી કૃતિ-ગતિ;
ગુણો તારા ગાવા જનમતિ જરી ચાલતી નથી!

અંગ્રેજીમાં વપરાતો 'અનપ્રિડિકટેબલ' શબ્દ મોદીની આ અકળલીલાનો જ પ્રતિધ્વનિ કે પર્યાય છે. મોદી શું કરી શકે એ કરતાં શું ન કરી શકે, એવું પૂછવું જોઈએ. દાખલા તરીકે એ એમના એક સમયના ઘડવૈયા (મેન્ટર) અને રખવૈયા (સેવિયર) લાલકૃષ્ણ અડવાણીને પણ નાકલીટી તણાવી શકે. નરેન્દ્ર મોદીનું વડાપ્રધાનપદના ઉમેવાર તરીકે નામ જાહેર થતું અટકાવવાના એમના લાખ પ્રયત્નો છતાં અને રિસામણાં-મનામણાંના જગજાહેર તમાશા પછી અડવાણીને સદેહે હાજર રહી સરદાર પટેલની ગગનચુંબી- રાક્ષસી કદની પ્રતિમાના શિલારોપણ વિધિમાં હાજર રહી ફરજિયાત કહેવું પડે કે નરેન્દ્રભાઈ વડાપ્રધાન બને તે મારે મન અનહદ આનંદ અને ગર્વની બાબત છે, તે શું સૂચવે છે? નરેન્દ્ર મોદી માટે આ સૃષ્ટિ પર કશું જ અશક્ય નથી, એવી એક માન્યતા જનમાનસમાં સ્થિર થવા લાગી છે તેમાં આ ઘટના એક હોઠવગું ઉદાહરણ બની રહેશે. અત્યાર સુધી ભાજપ જેવા રાજકીય પક્ષો દ્વારા જુદી જુદી નદીઓનાં જળ અને માટી કે ઈંટોનાં સમીકરણ ચાલતાં હતાં એમાં સરદાર પટેલની પ્રતિમા માટે દેશભરમાંથી ખેતીનાં ઓજારોમાં વપરાતું લોહું ભેગું કરવાનો કાર્યક્રમ ઘડી કાઢવા માટેય નરેન્દ્ર મોદી જેવું ફળદ્રુપ ભેજું જોઈએ. એમણે હવે ગુજરાતમાંથી હનુમાન કૂદકો ભરી દિલ્હીનો લાલ કિલ્લો સર કરવા માટે કમ્મર કસી છે. દેખીતું છે કે હવે એ ગુજરાતમાં વધારે સમય ફાળવવાની સ્થિતિમાં નથી. તેથી એમણે ધીરે ધીરે એમના મંત્રીમંડળના ચુનંદા સભ્યોને પલોટવા માંડ્યા છે. હેટ્રિક લગાવ્યા પછી મંત્રીમંડળને પ્રદેશ તેમજ જ્ઞાતિ-સમાજની દૃષ્ટિએ સંતુલિત કરવાની ગણતરીથી એમણે છ નવા મંત્રીઓ ઉમેર્યા છે. રાજકીય નિરીક્ષકોએ આ છ મંત્રીઓની નામાવલિ શપથવિધિ અગાઉ જાહેર કરવાના મુદ્દે પણ આશ્ચર્ય અનુભવ્યું છે. પાર્ટીના વિવિધ કાર્યકરોને પણ હવે બોર્ડ-નિગમોમાં સમાવવાની શરૂઆત કરીને આશ્વાસ્ત કર્યા છે. જો કે પૂર્વધારણા મુજબ મંત્રીમંડળના વિસ્તરણમાં કોઈ મહિલાને સ્થાન નથી મળ્યું. ભાજપના મૂળ સમર્થક તરીકે કોંગ્રેસની કરડી નજરમાં રહેતા ઊજળિયા વાણિયા, બ્રાહ્મણ સમુદાયને પણ તક નથી અપાઈ. નરેન્દ્ર મોદી પાકા ગણતરીબાજ રાજકારણી છે. મહિલાઓને કેબિનેટમાં સમાવવાની પુરુષપ્રધાન સમાજમાં કોઈ ખાસ મતબેંક લક્ષી અસર ન પડે, એવી સંઘ પ્રેરિત સમજણ જ કામ કરી ગઈ હશે કે શું? ઉજળિયાતોને પણ સંઘ અને ભાજપ 'ટેકન ફોર ગ્રાન્ટેડ' સમજી ચાલે છે. હિંદુત્વની વિચારધારાને વરેલો આ વર્ગ ભાજપ છોડીને જાય તો જાય ક્યાં? સાચવી લેવાની જરૂર હોય તો તે કોંગ્રેસી વોટ બેંક જેવો બક્ષીપંચ સમાજ છે. આગામી લોકસભાની ચૂંટણીને નજર સમક્ષ રાખી એમણે મહદંશે બક્ષીપંચ હેઠળ આવરી લેવાતા જ્ઞાતિ સમાજોના પ્રતિનિધિઓનો સમાવેશ કર્યો છે, તો વળી દાહોદ જિલ્લાના કોંગ્રેસ તરફી આદિવાસી પંથકના જશવંતસિંહ ભાભોરનો અને ધુરંધર કાઠિયાવાડી લેઉઆ પાટીદાર નેતા વિઠ્ઠલ રાદડિયા સાથે કરેલ સોદાબાજી મુજબ એમના ધારાસભ્ય પુત્ર જયેશ રાદડિયાનો સમાવેશ કરી એમને સંતુષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. વિઠ્ઠલ રાદડિયાને ભાજપમાં પ્રવેશ આપવાનો નિર્ણય સૌરાષ્ટ્ર પાટીદાર સમાજને એક છત્ર હેઠળ લાવવાના વિશેષ ઉદ્દેશથી લેવાયો હતો તે સર્વવિદિત છે. મોદી કોઈની શેહ ભરે એ વાતમાં માલ નહીં, પરંતુ જ્યાં પોતાનો પ્રભાવ કારગત નહીં નીવડી શકે એવી પ્રતીતિ થાય ત્યાં એ વ્યૂહાત્મક અભિગમ અપનાવી શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. રાદડિયા પોતાની તાકાત પર મુસ્તાક લોકનેતા છે. તેથી મોદીએ ચુપચાપ એમને અનુકૂળ થઈ જવામાં શ્રેય જોયું છે. રાષ્ટ્રીય નેતા તરીકે ગુજરાતમાંથી વધુમાં વધુ બેઠકો જીતી લાવવાની નેમ સાથે એમણે જ્ઞાતિ સમીકરણોને વજૂદ આપી જંબુસરના ધારાસભ્ય છત્રસિંહ મોરી, ચાણસ્માના ધારાસભ્ય દિલીપસિંહ ઠાકોર અને મધ્ય ગુજરાતના ક્ષત્રિય પટ્ટાને પ્રભાવિત કરી શકે એવા હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પર મંત્રીપદનો કળશ ઢોળ્યો છે. કચ્છનું પ્રતિનિધિત્વ ડૉ. નીમા આચાર્યને સોંપાય એવી શકયતા વરતાતી હતી પરંતુ વાસણ આહિર વધુ નસીબદાર સાબિત થયા છે કારણ કે તેઓ નીમાબહેન જેવા સુશિક્ષિત ભલે નહીં હોય પરંતુ નીવડેલા 'ઓરિજનલ' ભાજપ કાર્યકર ઉપરાંત આહિર નેતા છે. મોદીનું નસીબ જોર કરતું લાગે છે. ધનતેરસના શુભ દિવસે 'સુપર કોપ' કેપીએસ ગીલની આત્મકથા પ્રકાશિત થઈ છે જેમાં એવો અભિપ્રાય અપાયો છે કે ૨૦૦૨નાં કોમી રમખાણો બંધ કરાવવાના મુદ્દે મોદી 'ગંભીર' હતા. જો કે આવી કલીનચીટ એમને તત્કાલીન રાજયપાલશ્રી ભાજપના અને સંઘના નેતા સ્વ. સુંદરસિંહ ભંડારીએ નહોતી આપી તે ઘણા બધાને યાદ હશે.

ગાંધીનગરના સ્વીમરોનો વિવિધ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ડીપીએસની દિલપ્રીત કૌરે 'બેસ્ટ સ્વીમર ઓફ ધ મીટ-૨૦૧૩'નો ખિતાબ મેળવ્યો

ગાંધીનગર શહેર અને જિલ્લાના સ્વીમરો દ્વારા વિવિધ સ્વીમીંગ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવો કરી ચંદ્રકો જીતી શહેર તથા જિલ્લાનું ગૌરવ વધારેલ છે.



ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશનના જોઈન્ટ સેક્રેટરી તેમજ ઈન્ફેસીટી કલબના સ્વીમીંગ કોચ ચિરાગ ચેલાએ સ્વીમીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ ૧૦મી શ્રી ચિન્મય નેશનલ માસ્ટર્સ એકવેટીક ચેમ્પીયનશીપમાં ૫૦ મીટર બટરફલાયમાં બ્રોન્ઝ તથા ૪x૪૦ મીટર મીડલ રીલેમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત નોઈડા મુકામે યોજાયેલ ઈન્ટર ડી.પી.એસ. સ્વીમીંગ મીટર ૨૦૧ ૩માં ડીપીએસ કોબાની વિદ્યાર્થીની કુ. દિલપ્રીત કૌરે અન્ડર-૧૪ના ગૃપમાં ૫૦મીટર, ૧૦૦મીટર અને ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ તેમજ ૨૦૦ મીટર ઈન્ડીવીડયુએલ રીલેમાં એમ કુલ ચાર ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી 'બેસ્ટ સ્વીમર ઓફ ધ મીટ'નો ખિતાબ પણ મેળવેલ છે. વધુ એક સ્વીમર કેન્દ્રીય વિદ્યાલય સંગઠન નવી દિલ્હી દ્વારા યોજાયેલ ૪૪મી કેન્દ્રીય વિદ્યાલય સંગઠનની રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં સીઆરપીએફ ગાંધીનગરના વિદ્યાર્થી કુન્દન સકસેનાએ અન્ડર-૧૭ના ગ્રુપમાં ખૂબ સુંદર દેખાવ કરી ૫૦ મીટર અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ તેમજ ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. તમામ સ્વીમરોએ ગાંધીનગર શહેર તથા જિલ્લાનું ગૌરવ વધારેલ છે તે માટે ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશન તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન.

ગાંધીનગર વણકર સમાજનો ૧૪મી નવેમ્બરે સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર વણકર સમાજ દ્વારા ગાંધીનગર વસાહતી વણકર સમાજનો નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૪મી નવેમ્બરના રોજ સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે યોજાલે છે.

વણકર સમાજના વસાહતીઓને હાજર રહેવા જણાવાયું છે. તા. ૨૪મી નવેમ્બરે ઉપવાસ આંદોલન સફળ બનાવવા ઉપ-પ્રમુખ કિશોરભાઈ પરમારે જણાવેલ છે.

સેક્ટર-૩-સીમાં દિવાળીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧

સેક્ટર-૩-સી શ્રીમતી રમીલાબેન વાઘેલા પ્લોટ નં. ૫૭૩/૧ ના ત્યાં તા. ૩જી નવેમ્બરે બપોરે શ્રીમતી મધુબેન કે. કડીકરના કંઠે આનંદનો ગરબો યોજાયેલ છે. રાત્રે ફૂલનો ગરબો રાખેલ છે. પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

હરિની દૃષ્ટિ...

આમ તો હું ચૌદશે પ્રેતને વડા ધરવાનું બીલકુલ માનતો નથી... પણ... ન કરે નારાયણ અને પ્રેત હોય તો... વાંધો ન આવે એટલે...!!

દિવાળીમાં મોંઘવારીનો વધુ એક ફટકો

ગાંધીનગર એસટી ડેપો પાર્કિંગના ચાર્જમાં વધારો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એસ.ટી ડેપો દ્વારા કોન્ટ્રાક્ટ આપીને ટુવ્હીલર પેઈડ-પાર્કિંગ ચલાવવામાં આવે છે. જેના મીનીમમ ચાર્જમાં એકાએક વધારો કરી રૂ. ૧૦ કરી દેવાયો છે. જેથી રોજબરોજ આ પાર્કિંગનો ઉપયોગ કરતા મધ્યમ વર્ગના વાહનધારકોને દિવાળી સમયે વધુ એક મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

એસટી ડેપોના આ પાર્કિંગનો ઉપયોગ રોજેરોજ અમદાવાદ ભણવા જતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વેપારી વર્ગ વગેરે દ્વારા બહોળા પ્રમાણમાં ઉપયોગ કરાય છે. જેમાં મોટેભાગે મધ્યમવર્ગના વાહનધારકોનો સમાવેશ થાય છે. છેલ્લા એક વર્ષમાં આ બીજી વખત મીનીમમ ચાર્જમાં વધારો કરાયો છે. તેવું એક વાહનધારકે વાતચીતમાં જણાવ્યું હતું. તેમના કહેવા પ્રમાણે જે ચાર્જ પહેલા રૂ. ૫ હજો તેમાંથી તેને વધારીને રૂ. ૭ કરવામાં આવેલ હતો. જે હમણાં ૧૫ દિવસ પહેલા જ અચાનક ફરીથી વધારીને રૂ. ૧૦ કરી દેવાયો છે. આથી નિયમિત વાહન પાર્ક કરતા બાઈક, સ્કૂટર ચાલકો જેમાં મોટેભાગે વિદ્યાર્થીઓ અને નોકરિયાતોનો સમાવેશ થાય છે. તેમનામાં અસંતોષની લાગણી ફેલાવા પામેલ છે.

વળી કોન્ટ્રાક્ટર દ્વારા ચાર્જ ઉઘરાવવા કર્મચારી નિમેલા હોવાથી આ બાબતે યોગ્ય ખુલાસો મળતો ન હોવાનું કેટલાક વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. આ ચાર્જ બાબતે એસ.ટી. ડેપો મેનેજમેન્ટ દ્વારા યોગ્ય ગ્રાહકલક્ષી ફેર વિચારણા કરાય તેવી આ વાહનચાલકોમાં માંગણી ઉભી થવા પામેલ છે. વધુમાં ગાંધીનગર શહેર એ બહારથી આવીને વસેલા વસાહતીઓનું નગર હોઈ રોજેરોજ કોઈને કોઈ નગરવાસીને પોતાને ત્યાં આવેલ મા બાપ કે અન્ય મહેમાનને જ્યારે બસ પકડવા ડેપો પર મુકવા આવે ત્યારે માત્ર પાંચ કે દસ મિનિટ માટે તેનું સ્કૂટર કે બાઈક પાર્ક કરવું હોય તો તે માટે કોઈ વ્યવસ્થા ન હોઈઆ ફરજીયાત મીનીમમ ચાર્જ ભોગવવો પડે છે. તે અંગે પણ ઘટતું કરવામાં આવે તેવું નગરવાસીઓ ઈચ્છી રહ્યા છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રમતગમત પ્રત્યે અભિરૂચી વિકસાવવા રમતવીરો માટે તાલીમ કેન્દ્ર સ્થાપવા તેમજ રાજ્યમાં રમતગમતની સુવિધાઓને પ્રોત્સાહિત કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમતમાં રાજ્યની યુવાપેઢીને સર્વોચ્ચ કક્ષાએ સફળ બનાવવાના ઉદ્દેશથી ગાંધીનગર ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગે બી.પી.ઈ., બી.પી.એડ. એમ.ફીલ, પી.એચ.ડી.ના અભ્યાસક્રમ ચલાવતી યુનિવર્સિટી સાથે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે જોડવામાં આવશે. જેમાં કોઈપણ વિષયના સ્નાતક અને રમતગમતની પ્રવૃત્તિમાં રસ ધરાવતા યુવાનો તેમજ શારીરિક ક્ષતિ ધરાવતા બાળકોને રમતગમતનું પદ્ધતિસરનું શિક્ષણ મળી રહે તેવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.

યુનિવર્સિટીમાં સ્પોર્ટસ ફિઝીયોથેરાપી, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ચર સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ મેડીસીન, સ્પોર્ટસ ટુરિઝમ તેમજ સ્પોર્ટસ જર્નાલિઝમ જેવા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવશે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી જોડે પાર્ટનરશીપ કરી ભારતમાં જ નહિ વિદેશમાં પણ નોકરીની ઉજળી તકો ઉભી કરવામાં આવશે. રાજ્યમાં ખેલાડીઓની અછત વર્તાતી હોવાથી રાજ્યમાંથી દરેક ગામડામાંથી ખેલાડીઓની શક્તિઓ બહાર લાવવામાં આવશે. અને ગુજરાતનો ખેલાડી વિશ્વ કક્ષાએ નામના મેળવે તેવા ઉજાશ ખેલાડીઓને તાલીમ આપવામાં આવશે.

મોંઘવારી માટે કોંગ્રેસની નીતિ જવાબદાર : મોદી

શાસનમાં આવ્યા બાદ દર વર્ષે સરકારની કામગીરીના લેખાજોખા લોકોને અપાશે : કોંગ્રેસની જેમ પાંચ વર્ષે નહીં

અમદાવાદ, તા.૧

ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશમાં શ્રેષ્ઠ શાસન અને ગુડ ગર્વનન્સના જેટલા પેરામીટર્સ છે તેમાં સૌથી ઉત્કૃષ્ઠ કામગીરી અને માપદંડોના મોડેલ ભારતીય જનતા પાર્ટીએ આપેલા છે.

નરેન્દ્ર મોદીએ પૂનામાં હવાઈમથકે તેમના સ્વાગત સન્માન માટે ઉત્સાહ ઉમંગથી ઉમટેલા કાર્યકર્તાઓ તથા યુવાવર્ગોને આહવાન કર્યું કે, ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪માં જનાદેશ મેળવી શાસનમાં આવશે એટલે સરકારની કામગીરીના લેખાજોખાનો હિસાબ દર વર્ષે જનતા જનાર્દન સમક્ષ ગૌરવપૂર્વક અમે રજૂ કરીશું.

કોંગ્રેસની જેમ પાંચ વર્ષે એકવાર જનતાને હિસાબ આપવાની અમારી સંસ્કૃતિ જ નથી. દેશમાં મોરારજી દેસાઈ અને અટલ બિહારી બાજપેયીજીના શાસનમાં ફુગાવો અને ભાવવધારો નિયંત્રણમાં રહ્યો હતો અને સામાન્ય માનવીને પણ જીવન આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી ઉપબલ્ધ થતી હતી તેનું સ્મરણ કરતાં મોદીએ આજની બેકાબુ મોંઘવારી અને કમ્મરતોડ ભાવવધારા માટે વર્તમાન કોંગ્રેસ શાસનની અણઘડ નીતિઓને જવાબદાર ગણાવી હતી. દેશના પ્રધાનમંત્રી ડો મનમોહનસિંહ છે અને આ બધી નિષ્ફળતાઓ માટે તેઓ જનતાને જવાબદેહ છે છતાં મોદી પાસે સૌ જવાબ માંગે છે પ્રધાનમંત્રી ચૂપ છે તેવો વેધક કટાક્ષ તેમણે કર્યો હતો.

કોંગ્રેસના કુશાસન અને સુશાસન કરનારી વિપક્ષી સરકારોની તુલના કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, કોંગ્રેસીઓની નકારાત્મક માનસિકતા અને કાવાદાવાની રાજનીતિને હવે દેશની જનતા જાણી ગઈ છે અને તેમની ભ્રમજાળમાં ફસાવાની નથી.

અ'વાદમાં જ છુપાયો છે સાંઈ, પોલીસને મળ્યું લોકેશન

અત્યાર સુધીમાં સાંઈએ ૨૫ સીમકાર્ડ વાપર્યા હોવાની માહિતી

અમદાવાદ તા. ૧

સુરત પોલીસે લૂકઆઉટ નોટિસ જારી કર્યા બાદ નારાયણ સાંઈ હજુયે ફરાર છે. પોલીસે દેશભરમાં કેટલાંય સ્થળોએ દરોડા પાડ્યાં છતાંય પોલીસને સાંઈની કોઈ કડી મળી શકી નથી. ત્યારે અમદાવાદ પોલીસને નારાયણ સાંઈનું મોબાઈલ લોકેશન અમદાવાદ શહેરની આસપાસ હોવાનું જાણવા મળ્યું છે. ટૂંકમાં નારાયણ સાંઈ ગુજરાતમાં છુપાયો હોવાની વાત સામે આવી રહી છે.

આધાભુત સૂત્રોના મતે સુરતની બે યુવતીઓએ આસારામના પુત્ર નારાયણ સાંઈ પર બળાત્કારના આરોપ ઘડ્યાં છે. સાંઈને શોધવા માટે સુરત પોલીસે અત્યાસ સુધીમાં ૨૦ લાખથી વધુનો ધુમાડો કર્યો છે. સુરત અને અમદાવાદ પોલસે અત્યાર સુધીમાં કુલ મળઈને દેશભરમાં દોઢસોથી વધુ સ્થળોએ દરોડા પાડ્યાં છે. છતાંય સાંઈને પકડવામાં પોલીસ સફળતા મળી નથી.

સલમાન, બચ્ચન – આઉટ... બૂઊઊઊઊઊ – ઈન

યાદ છે... હાથની મુઠ્ઠીઓ વાળીને બોલતું બૂઊઊઊઊઊ...? ટાલીયા નાવેદના બબુચક વેડા? ..ને આ બધાથી ઉપર મારા તમારા જેવા સામાન્ય માણસો દ્વારા રજૂ થતા મસ્ત મજાના નૃત્યો... આઈ મીન ડાન્સ..!! યસ... યુ ગોટ ઈટ કરેકટ... એ હતો મસ્ત મજાનો ડાન્ય નો પ્રોગ્રામ 'બુગીઈઈઈ વગીઈઈઈ'. એ હતો એવો શબ્દ એટલા માટે વાપર્યો કે ૧૯૯૫થી સતત નાના પડદે ધૂમ મચાવતો આ પ્રોગ્રામ છેલ્લે ૨૦૦૯ના ઓકટોબરમાં દેખાયેલો. મતલબ લગભગ છેલ્લા ચારેક વર્ષથી એ નાના પડદેથી ગાયબ છે. પણ બુગી વુગીના ચાહકો (જેમાં આ લેખક પણ સામેલ છે) માટે એક આનંદના સમાચાર છે કે લગભગ ડિસેમ્બરની આસપાસથી તમારો આ મનગમતો કાર્યક્રમ ફરીથી નાના પડદે થીરકવા આવી રહ્યો છે. જો કે જે ચેનલ પર એ આવતો એ જ ચેનલ યાની કી સોની પર જ એ ફરીથી શરૂ થશે એ વાત તો નક્કી છે પણ સોની તરફથી તારીખની કોઈ જાહેરાત હજુ સુધી નથી થઈ પણ નવી સીઝન ના એપિસોડ માટેના ઓડિશન્સ ઓલરેડી દેશના વિવિધ શહેરોમાં થઈ ચુક્યા છે. અને માધ્યમોની વાત મુજબ આ ડિસેમ્બરમાં સરવાળે નબળો ચાલતો કૌન બનેગા કરોડપતિ-૭ પૂરો થશે અને બચ્ચન બાબુનું સ્થાન જાવેદભાઈ લેશે એવા અત્યારે તો વાવડ છે. કીડ'સ ચેમ્પીયનશીપ, સેલીબ્રીટી ચેમ્પીયનશીપ, ટીન ચેમ્પીયનશીપ જેવી વિવિધ ચેમ્પીયનશીપ્સ દ્વારા લોકોનું દિલ જીતનાર આ પ્રોગ્રામ આ વખતે ૬-૧૪ વર્ષના બાળકોની કીડ'સ ચેમ્પીયનશીપ સાથે પુનરાગમન કરશે અને ફરીથી નાનો પડદો નાવેદ-જાવેદ અને રવિના ભેજાની ઉપજ એવા આ મસ્ત કાર્યક્રમથી નાચવા માંડશે. ટાલીયા નાવેદ અને રવિની સાથે કાયમ જજ તરીકે બિરાજતા જાવેદ જાફરી ફિલ્મોમાં વધુ વ્યસ્ત હોવાને લીધી આ શોની નવી સીઝનમાં નહીં હોય એવી વાત આવેલી પરંતુ ખુદ જાવેદે જ એમ કહી ને રદિયો આપેલ છે કે 'બુગી વુગી મારા જીવનનો એક ખાસ હિસ્સો છે અને એને છોડવાનું હું કયારેય વિચારી નહી શકું.' ગમે એમ તોય જાવેદ ના વન-લાઈનર્સ આ શોનું એક વધારાનું આકર્ષણ છે. ને આમેય જાવેદ એની રમુજી હરકતો અને ફન્ની ડાયલોગ માટે મશહુર છે (યાદ છે ને ચેનલો પર આવતા પ્રોગ્રામ 'ટકેશી', કેસેલ'માં જાવેદનું સુપર્બ ડબીંગ) અત્યારે વિવિધ ચેનલો પર આવતા ડાન્ય રીયાલીટી શો ની શરૂઆત બુગી વુગી એ જ કરેલ આમ એક રીતે જોવા જઈએ તો 'બુગી વુગી' આ બધા શો નો બાપ છે અને એમાં આવતા મનોરંજન અને નૃત્ય ના મહાડોઝ ને આધારે એ સાવ સાચું પણ છે. બસ હવે ઈન્તઝાર છે ફરીથી બૂઊઊઊઊઊ કરવાનો...!!

'બુગી વુગી'તો જ્યારે આવે ત્યારે પણ જે ફિલ્મમાં કામ કરીને જાવેદે પોતાની ફિલ્મ કારકિર્દી શરૂ કરેલ એ મેરી જંગ ના એના સહ કલાકાર અનીલ કપૂરની ૨૪ દર્શકોમાં ખાસ સ્થાન જમાવી ચુકી છે. પળે પળે કઈક નવી જ ઉત્કંઠા જન્માવતી કલર ચેનલની આ થ્રીલર સીરિયલે દર્શકોમાં ખાસ્સી લોકપ્રિયતા પ્રાપ્ત કરી લીધી છે. હવે શું? એવા સવાલિયા નિશાનો સાથે શનિવારે પુરા થતા એપિસોડ સાથે દર્શકો જલ્દી થી ફરી શુકવાર આવે એની રાહ જોતા થઈ ગયા છે. એની લોકપ્રિયતા એવી છે કે મોટાભાગના તો આ થ્રીલર રોજ આવવું જોઈએ એમ માને છે જો કે થ્રીલર સફળ ત્યારે જ થઈ શકે જો એ હવે પછી શું થશે ની ઉત્કંઠા દર્શકોમાં જગાવી શકે ને આમ ૨૪ નિયમિત જોનારા દર્શકો ઘણા બધા અજાણ્યા કલાકારોના બેનમુન અભિનયથી દંગ થઈ રહ્યા છે ત્યારે આવો જાણીએ ૨૪ના આવા અનજાન ચહેરાઓ વિશે થોડું વધુ. અનીલ કપૂર, મંદિરા બેદી, અનુપમ ખેર કે જયસિંહ રાઠોડની જગ્યાએ હવે એટીયુંનો ચાર્જ લેનાર શબાના આઝમીની ઓળખાણ આપવાની તો જરૂર જ નથી પણ જયસિંહની પત્ની ત્રિશા બનનાર

વિગેરે...વિગેર...

- અજય ઉપાધ્યાય

ટિસ્કા ચોપડાથી પરિચિત નહી હો. અજય દેવગણની સાથે 'પ્લેટફોર્મ' ફિલ્મથી શરૂઆત કરનાર આ અભિનેત્રી જો યાદ ન હોય તો એકદમ સાદી ઓળખાણ આપું: 'તારે જમીન પર'માં બાળક ઈશાન માટે પોતાની કેરિયરનું બલિદાન આપનાર માં નો રોલ જેણે ભજવેલો એ આ ટીસ્કા. યાદ આવી ગયું ને? આ ઉપરાંત 'કાહની ઘર ઘર કી' જેવી સીરીયલો અને તનિષ્ક અને ડીશ ટીવીની સિઘાનિયાનું પાત્ર ભજવતો નીલ ભુપલમ. નો વન કિલ્લડ જેસિકા, 'શૈતાન' ને 'ડેવિડ' જેવી ફિલ્મો કરતા પહેલા વીજે રહી ચુકેલો છે. મૂળ આ રોલ જુગલ હંસરાજ કરવાનો હતો પણ અંતે નીલ ના ફાળે ગયો. તો મંદિરા અને અનીલના રિશતા ને કરમચંદની નજરે વારેવારે શંકાથી જોતા તેજપાલસિંહનું પાત્ર નિભાવતો અધીર ભટ્ટ ફિલ્મોમાં ઘણા સમયથી સંઘર્ષ કરે છે. 'મિશન કાશ્મીર', 'માય ફ્રેન્ડ પિંટો' જેવી ફિલ્મો કરી ચુકેલ આ કલાકાર અભિનયની સાથે સાથે સંવાદ લેખક અને નાટય લેખક પણ છે. ત્રાસવાદીઓની ચુંગાલમાં ફસાઈ ગયેલી જયની દીકરી કિરણ એ સપના પબ્બી છે. લંડન માં ઉછરેલી આ દેશી કુડી એના કોર્પોરેટ જોબમાં ખુશ હતી પણ અભિનય ના ભૂતે એને ૨૪ના ઓડીશનમાં મોકલી ને એ થઈ ગઈ સિલેક્ટ. તો કિરણ ના અપહરણનું કાવતરું ઘડનાર અને એકદમ ઠંડે કલેજે જય ને પોતાની જાળમાં ફસાવનાર વિલન યાકુબ બનનાર અંકુર વિકલ તમ્નાનો જુનો અમે ઉમદા કલાકાર છે. આપણા ગુજરાતના વડોદરાની એમ.એસ. યુની. માં થી આર્કિટેકટનો કોર્ષ કરનાર આ કલાકારે અનેક નાટ્યગૃપો સાથે કામ કરવા ઉપરાંત અનેક ફિલ્મો કરેલ છે જેમાં 'મકબૂલ' અને સ્લમડૉગ મિલિયોનર? ના એના રોલ મામનની ખૂબ પ્રશંસા પણ થયેલી. તો અનીલ કપૂરને જેની સાથે શરૂઆતમાં ટકરાવ થયેલો એ રો ના ઓફિસર ગીલનું પાત્ર ભજવતો યુરી સૂરી ભારતીય વાયુસેનામાં કામ કરતો હતો. ૧૯૯૨માં વાયુસેના છોડ્યા પછી એણે રેડિયોને પ્રોફેશન તરીકે લીધું. દેશમાં એફ.એમ. રેડિયો કેલીફોર્નિયા પર પણ પોતાના શો કરેલા છે. પબ્લિક સ્પીકિંગનો ટ્રેનર હોવા ઉપરાંત એ અચ્છો વોઈસ ઓવર આર્ટીસ્ટ પણ છે જે એના પહાડી અવાજમાં પણ દેખાય આવે જ છે. અનેક ફિલ્મો કરી ચૂકેલા આ કલાકારને તમે 'જોધા અકબર' ફિલ્મમાં બૈરામ ખાનના રોલમાં જોયો હશે. આ છપાશે ત્યાં સુધીમાં શબાના આઝમીની એટીયું ના નવા ચીફ તરીકે એન્ટ્રી થઈ ચુકી હશે અથવા થવામાં હશે. જયસિંહ ગુમ થઈ જશે અને એને ફરાર જાહેર કરવામાં આવશે. હજુ રાહુલ ખન્નાનું પણ સીરીઝમાં આગમન થશે. સમાચાર તો એવા પણ છે કે ૨૪ની ભારતીય સીઝનની સફળતાથી ખુશ ઓરીઝનલ સીરીઝ ૨૪નો અનીલ કપૂર યાની કે મેઈન હીરો કીઈફેર સુથરલેન્ડ એક બે એપિસોડમાં કદાચ દેખાશે. અત્યારે તો આદિત્ય સિંઘાનિયા એ રાહુલ ગાંધી નથી એવી સ્પષ્ટતા સાથે રાહ જોઈએ આગલા એપીસોડસ ની...!!!

જયસિંહ રાઠોડની તાત્કાલિક જરૂર પડે એવા દંશ્યો આજકાલ બીગ બોસ-૭માં ભજવાય રહ્યા છે. ગૌહરના પ્રેમ બાણથી વિંધાયેલ કુશાલની તનીષા અને એન્ડી સાથેની ગેરવર્તણુકથી તંગ આવી ને સલમાને બકુશાલ અને ગૌહરને બરાબરના ખખડાવી કાઢેલ છે. ઘરના સ્ત્રી સભ્ય સાથેની કુશાલની આ હરકતે સલમાનને ભયંકર ગુસ્સામાં લાવી દીધેલ છે. અને એના પરિપાર રૂપે આ લખાય છે ત્યારે કુશાલને ઘરમાંથી બહાર કાઢી મુકેલ છે. કુશાલની સાથે સાથે ગૌહરે પણ બિસ્તરા પેક કરીને ઘર બહાર ચાલી નીકળેલી પણ કુશાલની વાત સાચી હતી એ પુરવાર કરવા એ ઘરમાં પાછી ફરે છે. બીગ બોસની અત્યાર સુધીની બધી સીઝનનો આ બિગેસ્ટ તમાશો છે. બીગ બોસના ઘરમાં રોજ દોસ્તી દુશ્મનીના સમીકરણો બદલાતા જાય છે. કાલ સુધી દોસ્ત રહેલા ગૌહર અને એન્ડી આજે એકબીજાની સામસામે છે. બીજ બોસ એક પછી એક શાતીર ચાલ રમીને ઘરવાલો ના કડક ટેસ્ટ લેતા જાય છે. ઘરમાં શારીરિક આક્રમણો અને ગાલી ગલોચની માત્રા વધતી જાય છે. ઘરવાળાઓ માનસિક સંતુલન ગુમાવતા જાય છે અને આ જ છે બીગ બોસની સાચી મજા. સૌથી કુલ દિમાગ સાથે અત્ય